જનસંપર્ક અધીકારી દ્વારા

પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર

ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩

કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૧૩/૦૬/૨૦૧૮ બુધવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં
આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :- સમાચાર યાદી નં.૧૧૦૪/૧૮

## ડીઝલ ચોરીનુ કોભાંડ પકડી પાડતી ડીસીપીશ્રી ઝોન-૦૬ તથા ACP "કે" ડીવીઝન સ્કોડ તથા નારોલ પોલીસ

મે.પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર તથા અધિક પોલીસ કમિશ્નરશ્રી સેકટર-૨ તથા નાયબ પોલીસ કમિશ્નરશ્રી ઝોન-૦૬ તથા અધિક નાયબ પોલીસ કમિશ્નરશ્રી "કે" ડીવીઝન નાઓની સુચના તેમજ માર્ગદર્શન મુજબ નાયબ પોલીસ કમિશ્નરશ્રી ઝોન-૦૬ નાઓને મળેલ ખાનગી બાતમી આધારે નાયબ પોલીસ કમિશ્નરશ્રી ઝોન-૦૬ ની કચેરીના પોલીસ કર્મચારી તથા ACP "કે" ડીવીઝન સ્કોડના કર્મચારીઓ તથા નારોલ પોલીસ સ્ટેશનના પો.ઇન્સ.શ્રી તથા કર્મચારીઓ સાથે નારોલ પીપળજ ગામ નદીના કિનારે કરમણભાઇ જકશીભાઇ ભરવાડના કબજા ભોગવટાવાળી જગ્યામા ગફાર રંગરેજ નામનો ઇસમ ડીઝલ ચોરીનુ કૌભાંડ ચલાવતો હોય સદર જગ્યાએ રેઇડ કરી આરોપી નં-(૧) ફઇમ સ/ઓફ યાસીનભાઇ રંગરેજ રહે- પરીક્ષીતલાલનગર બહેરામપુરા અમદાવાદ શહેર તથા નં-(૨) જગ્યાના માલીક કરમણભાઇ જકશીભાઇ ભરવાડ તથા નં-(૩) ટેન્કર ડ્રાઇવર દિલીપભાઇ ભગવાનભાઇ પરમાર રહે- ગામ-સીમેજ તા-ધોળકા જી- અમદાવાદ તથા નં-(૪) ટેન્કરના કલીનર જુવાનજી ખીમાજી વણઝારા રહે-ચેનપુર ચાંદખેડા અમદાવાદ શહેર નાઓને ચોરી કરેલ ૧૮૫ લીટર ડીઝલ કિ.રૂ-૧૩૩૨૦/- નુ તથા અલગ-અલગ ત્રણ ટેન્કરમા ૪૪ હજાર લીટર ડીઝલ ભરેલ ટેન્કર નં-GJ-27-U-9723 તથા GJ-01-DV-0187 તથા GJ-12-Y-7407 તથા એક બોલેરો ગાડી નં-GJ-01-DY-5706 મળી કુલ રૂ-૬૫,૯૫,૩૨૦/- ની મતાના મુદ્દામાલ સાથે પકડી અટક કરી કાયદેસરની કાર્યવાહી કરી ડીઝલ ચોરીનુ કોભાંડ પકડી સરાહનીય કામગીરી કરેલ છે.

## રીઢા ચોરને પાસા હેઠળ પકડતી જીઆઈડીસી વટવા પો.સ્ટે પોલીસ

મે.પોલીસ કમિશ્નર સા શ્રી અમદાવાદ શહેર તથા અધિક પોલીસ કમિશ્નર સા શ્રી સેક્ટર-૨ તથા નાયબ પોલીસ કમિશ્નર સા શ્રી ઝોન-૬ તથા મદદનીશ પોલીસ કમિશ્નરશ્રી 'જે' ડીવીઝન નાઓની સુચના તથા માર્ગદર્શન હેઠળ " જાહેર સલામતી અને વ્યવસ્થા" વિરુધ્ધના કૃત્યો અટકાવવા સારૂ તેમજ આગામી રથયાત્રા અનુસંધાને અસરકારક પગલાં લેવાં કરેલ હુકમ અનુસંધાને પોલીસ ઈન્સ્પેક્ટરશ્રી ડી.આર.ગોહિલ નાઓએ મોહંમદઆશીફ ઉર્ફે કાંગારૂ સ/ઓ મોહંમદયુનુસ શેખ ઉ.વ – ૧૯ રહે- બ્લોક નં ૩૦/૯૩૨ સંતોષનગર ગરીબઆવાસ ચાર માળીયા ,રામરહીમનો ટેકરો બહેરામપુરા, અમદાવાદ શહેર નાનો "જાહેરવ્યવસ્થા" વિરુધ્ધના કૃત્યો કરતો હોય જેની વિરુધ્ધ વટવા પો.સ્ટે ફ.ગુ.ર.નં-૫૦/૧૮ ઇ.પી.કો. કલમ ૩૭૯,૧૧૪ મુજબ તેમજ જીઆઈડીસી વટવા પો.સ્ટે ફ.ગુ.ર.નં-૨૪/૧૮ ઇ.પી.કો. કલમ ૩૮૪,૧૧૪ તથા જીપીએક્ટ કલમ ૧૩૫(૧) મુજબના ગુનાઓ દાખલ થયેલ હોય.સદરી આરોપી વિરુધ્ધ પુરાવા ભેગા કરી પાસા દરખાસ્ત તૈયાર કરી મે.પોલીસ કમિશ્નર સમક્ષ સાદર કરતા તેઓ સાહેબે પાસાહુકમ નંબર-ક્રમાંક/પીસીબી/ડીટીએન/પાસા/૪૫૪/૧૮ તા:૧૨/૦૬/૨૦૧૮ અન્વયે હુકમ કરતા મજકુર પાસા અટકાયતીને સર્વેલન્સ સ્કોડના મસઈ મહેન્દ્રસિંહ લક્ષ્મણસિંહ તથા એલ.આર દિવ્યરાજસિંહ રવિન્દ્રસિંહ નાઓ વોચમાં રહી મળી આવતા પકડી લઈ પોસઈ વિરેન્દ્રસિંહ.એન.વાઘેલા નાઓએ તા:૧૨/૦૬/૧૮ ના રોજ પાસા હુકમની બજવણી કરી મધ્યસ્થ જેલ રાજકોટ ખાતે પાસા અટકાયતીને જરૂરી જાપ્તા સાથે મોકલી આપેલ છે.

## પાસા અટક્યાતી ને પકડી પાડી પાસા હુકમની બજવણી કરવા બાબત

મહે.પોલીસ કમિશ્નર શ્રી તથા ખાસ પોલીસ કમિશ્નર શ્રી, સેક્ટર-૧ તથા નાયબ પોલીસ કમિશ્નર શ્રી, ઝોન-૭, અમદાવાદ શહેર તથા મદદનીશ પોલીસ કમિશ્નર શ્રી, એમ-ડીવીજન, અમદાવાદ શહેર નાઓના માર્ગદર્શન તેમજ પોલીસ ઇન્સ્પેક્ટર શ્રી એચ.બી.ચૌધરી, વાસણા પોલીસ સ્ટેશન નાઓએ આપેલ સુચના આધારે વાસણા પોલીસ સ્ટેશન ખાતે દાખલ થયેલા ઘરફોડના ગુનાઓમાં પકડાયેલ આરોપીઓને તેઓની આવી ગુનાહિત પ્રવૃત્તિ કરતા અટકાવવા સારુ તેઓ વિરુધ્ધ પાસા અટકાયતની જેવા પગલા લેવા માટે સુચનાઓ આપવામાં આવેલ જે આધારે આરોપીઓ રાજેશભાઈ મનસુખભાઈ ડાભી ઉ.વ.૨૭, રહે: ૩/૮૪, ગણેશનગર ઔડાના મકાન, ભાઠા ગામ, વાસણા, અમદાવાદ ગુનાહિત ઇતિહાસ ધરાવતા હોય પોતાની આવી અસામાજીક પ્રવૃત્તિઓ કરતા અટકાવવા સારુ આરોપી રાજેશભાઈ મનસુખભાઈ ડાભી ની વિરુધ્ધમાં ધી ગુજરાત અસામાજીક પ્રવૃતી પ્રતિબંધ ધારા સને ૧૯૮૫ની કલમ ૩(૧) હેઠળ અટકાયતમાં લેવા મહે.પોલીસ કમિશ્નર શ્રી નાઓ પાસેથી પાસા હુકમ નં. ક્રમાંક/પીસીબી/ડીટીએન/પાસા/૨૪૯/૨૦૧૮ તા.૨૭/૦૩/૨૦૧૮ નો મેળવી પાસા અટકાયતી રાજેશભાઈ મનસુખભાઈ ડાભી ને તા.૧૩/૦૬/૨૦૧૮ ના કલાક ૧૪/૦૦ વાગે પાસા હુકમની બજવણી કરી પાસા અટકાયતીને રાજકોટ જેલ ખાતે અટકાયતમાં રહેવા સારુ મોકલી આપવામાં આવેલ છે.

**<u>સુરક્ષા સેતુ રથ :</u>**

"રામોલ" પોલીસ સ્ટેશન વિસ્તારમાં સુરક્ષા સેતુ રથનું આયોજન કરી, "રામોલ" પોલીસ સ્ટેશન વિસ્તારમાં નાગરીકોને સુરક્ષા બાબતે માર્ગદર્શન આપવામાં આવ્યુ હતુ.











નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.